# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૧૬ જૂન, ૨૦૧૩)

(સમય : સવારે ૯ : ૦૦ થી ૧૨ : ૦૦) **સત્સંગ પ્રવીણ - ૧**

નોંધ : પ્રશ્ન પછી આપેલા અંકો તે પ્રશ્નના જવાબના પાના નંબર દર્શાવે છે. (કુલ ગુણ : ૧૦૦)

### વિભાગ - ૧ : શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના - બારમી આવૃત્તિ, જાન્યુઆરી - ૨૦૧૨

**પ્ર.૧ નીચે આપેલામાંથી કોઈ પણ બે વિષયના સંદર્ભમાં શાસ્ત્રનાં ત્રણ પ્રમાણો આપો.** [૬]
**(સંદર્ભ શાસ્ત્રનું નામ અને ક્રમાંક લખવો ફરજિયાત છે.)**

૧. ભગવાનને સર્વકર્તાહર્તા સમજવાની આવશ્યકતા (૬-૭)
૨. ભગવાન અને સંતને દિવ્ય સમજવા અનિવાર્ય છે. (૨૦-૨૩)
૩. ઉપાસનાનું મહત્ત્વ (૧-૨)
૪. ભગવાનમાં મનુષ્યભાવ પરઠે તો ખોટ (૨૩-૨૬)

**પ્ર.૨ પ્રમાણ, સિદ્ધાંત કે કડી પરથી વિષયનું શીર્ષક આપો.** [૫]
**ઉદાહરણ : 'મારું ધામ છે રે, અક્ષર અમૃત જેનું નામ; તેમાં હું રહું રે, દ્વિભુજ દિવ્ય સદા સાકાર.'**
**જવાબ : ધામમાં અને પૃથ્વી ઉપર - બન્ને ઠેકાણે સદા સાકાર**

૧. ''માટે સ્વામીને રાજી કરશો તો મહારાજ રાજી થયા છે તેમ માનજો.'' (૧૩૪)
૨. ''ધામ ધામી જ સાથે પધાર્યા, સ્વામી ને મહારાજ, એકાંતિક ધર્મ સ્થાપવા બની, અલૌકિક જોડી આજ રે.'' (૧૧૫)
૩. ''મહારાજને પુરુષોત્તમ જાણ્યા વિના અક્ષરધામમાં જવાય નહિ.'' (૨૮)
૪. ''બંધ કીધાં બીજાં બારણાં રે, વહેતી કીધી અક્ષરવાટ પુરુષોત્તમ પ્રગટી રે.'' (૬૩)
૫. ''આ દેખાય છે એવી ને એવી મૂર્તિ અક્ષરધામમાં છે. લગારે ફેર નથી.'' (૧૨૫)

**પ્ર.૩ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો.** [૪]
**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ગુણાતીતાનંદ સ્વામીના અક્ષરપણાનું પ્રતિપાદન કરનારા સંતો. (૧૨૧, ૧૨૨, ૧૨૬, ૧૩૦-૧૩૧)
(૧) ☐ ગોપાળાનંદ સ્વામી (૨) ☐ નૃસિંહાનંદ સ્વામી
(૩) ☐ કેશવજીવનદાસજી સ્વામી (૪) ☐ વિજ્ઞાનાનંદ સ્વામી

૨. ઉપાસના એટલે શું ? (૩)
(૧) ☐ કાળ સર્વના કર્તા છે. (૨) ☐ સદા દિવ્ય સાકાર
(૩) ☐ સર્વોપરી (૪) ☐ ક્યારેક જ પ્રગટ

**પ્ર.૪ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ એક વર્ણવી સિદ્ધાંત લખો.** [૪]

૧. મોટા આત્માનંદ સ્વામીને થયેલ સર્વોપરી નિષ્ઠા (૫૨-૫૩)
૨. 'દાદાખાચરના નળિયાનું ધ્યાન કરો.' (૭૦)
૩. 'હું તો તમારામાં અખંડ રહ્યો છું.' (૭૮-૭૯)

**પ્ર.૫ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે વિષયનું વિવરણ લખો. (બારેક લીટીમાં)** [૮]

૧. અક્ષરબ્રહ્મ : એક અને અદ્વિતીય (૧૦૭-૧૦૮)
૨. પ્રગટને ઓળખવા એ જ જ્ઞાન (૬૬-૬૭)
૩. ઉત્પત્તિ સર્ગ સમજાવો. (૪૦-૪૪)
૪. શ્રીજીમહારાજે કહેલો 'સ્વામી'નો અસાધારણ મહિમા (૧૧૯-૧૨૧)

**પ્ર.૬ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈ પણ બે વિષે કારણો આપી સમજાવો. (બારેક લીટીમાં)** [૮]

૧. શીતળદાસનાં અનેક સ્વરૂપો થયા. (૪૫)
૨. શ્રીજીમહારાજ ઉદાસ થઈને બોલ્યા, 'કબૂતરના કબૂતર રહ્યાં.' (૪૯-૫૦)
૩. શાસ્ત્રીજી મહારાજે અક્ષરપુરુષોત્તમનાં મંદિરોમાં અવતારોની મૂર્તિઓ પણ પધરાવી છે. (૬૦-૬૧)
૪. જ્ઞાની ભક્તને મતે ભગવાન કદી પરોક્ષ થતા જ નથી. (૭૭)

**પ્ર.૭ ઉપાસનામાં શું સમજવું ? અને શું ન સમજવું ? તેના આધારે નીચે આપેલાં વાક્યોની પૂર્તિ કરો.** [૭]
**(ઉપાસનામાં શું સમજવું ?)**

૧. અક્ષરબ્રહ્મ સેવકરૂપે એ જ ...... રમમાણ રહે છે. (૧૪૩)
૨. અક્ષરપુરુષોત્તમ ઉપાસના એટલે ...... પરબ્રહ્મની ઉપાસના. (૧૪૫)
૩. આ ઈશ્વરો જીવની જેમ અસંખ્ય ...... પરસ્પર જુદા છે. (૧૪૪)
૪. તેઓ સદા સ્વાભાવિક ...... ઉપાદાન કારણ છે. (૧૪૧-૧૪૨)

**(ઉપાસનામાં શું ન સમજવું ?)**

૫. પરબ્રહ્મ પરમાત્મા ...... તેમ ન સમજવું. (૧૪૬)
૬. એકલા પુરુષોત્તમ જ છે ...... તેમ ન સમજવું. (૧૪૬)
૭. આજ્ઞા પાળ્યા વગર ...... તેમ ન સમજવું. (૧૪૬)

**પ્ર.૮ ટૂંકનોંધ લખો.** - ગુણાતીત સંતનાં લક્ષણો. (૮૨-૮૫) [૫]

(પાછળ જુઓ)

---

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આ આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને **''સત્સંગ પ્રવીણ -૧''** પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

| | તારીખ | મહિનો | વર્ષ |
|---|---|---|---|
| પરીક્ષાર્થીની જન્મ તારીખ :- | ☐☐ | ☐☐ | ☐☐☐☐ |

પરીક્ષા આપી તે તારીખ અને સમય :-

પરીક્ષાર્થીની સહી :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત હાજર પરીક્ષાર્થીઓની જ સ્લીપો ભેગી કરીને, પૂર્વ કસોટીના અહેવાલમાં ભરીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે. (અધૂરી વિગત ભરેલી હાજરીસ્લીપ માન્ય નહીં ગણાય)**

## વિભાગ - ૨ : સત્સંગ વાચનમાળા ભાગ - ૩ - આઠમી આવૃત્તિ, એપ્રિલ - ૨૦૧૧
## યુગવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજ - પાંચમી આવૃત્તિ, એપ્રિલ - ૨૦૧૦

**પ્ર.૯ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. ''આપે સંતોને ગામડે જવાની બંધી કરી.'' (૬૨) **અથવા** ૨. ''પોતે કાંઈ ખોટું કર્યું નથી.'' (૬૫)

૩. ''નહિ તો અમારે આ ગામ છોડી ચાલ્યા જવું પડે.'' (૧૬) **અથવા** ૪. ''મારે ગામ આપ પધારોને !'' (૨૮)

૫. ''હું અહીં કોઠારી સ્વામીને લખીશ.'' (૧૯) **અથવા** ૬. ''હમણાં નાહશો નહિ.'' (૨૪)

**પ્ર.૧૦ નીચે આપેલાં વાક્યોનાં કારણ જણાવો. (નવેક લીટીમાં)** [૮]

૧. રઘુવીરજી મહારાજે જાતે જ રોટલો બનાવી દીધો. (૪૧) **અથવા**

૨. નિષ્કુળાનંદ સ્વામી સ્ત્રીઓની સભામાં ગયા નહીં. (૩૪)

૩. કૂકડ અને ઓદરકા વચ્ચે પ્રીતની સરવાણીઓ ફૂટી નીકળી. (૫૧) **અથવા**

૪. સત્પુરુષને ભાષાનાં બંધનો હોતાં નથી. (૨૫)

**પ્ર.૧૧ નીચે આપેલા વિષયો ઉપર મુદ્દાસર વિવરણ લખો. (બારેક લીટીમાં)** [૮]

૧. કુશળકુંવરબાનો સંતો પ્રત્યેનો અનુરાગ (૫૩) **અથવા** ૨. ગોપાળાનંદ સ્વામીનો ત્યાગ વૈરાગ્ય (૮)

૩. નિઃસ્વાદી મહાપુરુષ (૪૪) **અથવા** ૪. આવા ઘર તો તીર્થ કહેવાય. (૩૨)

**પ્ર.૧૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૫]

૧. શિવલાલ શેઠે કયા વૃદ્ધ હરિભક્તનો વ્યવહાર ચલાવ્યો ? (૬૯)

૨. લાલજી ભક્તનાં ધર્મપત્ની અને પુત્રોના નામ લખો. (૩૦)

૩. ઈડરના રાજા કોની પાસે માફી માગવા ગયા ? (૩)

૪. વિશ્વમાં શાંતિ શેનાથી શક્ય છે ? (૫૬)

૫. સ્વામીશ્રીની નસમાં કયું લોહી વહે છે ? (૩૬)

**પ્ર.૧૩ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો.** [૮]

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. નિષ્કુળાનંદ સ્વામીએ કયા કયા ગ્રંથો લખ્યા ? (૩૭)

(૧) ☐ સતીગીતા (૨) ☐ ભક્તચિંતામણિ (૩) ☐ યમદંડ (૪) ☐ બ્રહ્મસૂત્ર ભાષ્ય

૨. મુક્તાનંદ સ્વામીનાં લખેલાં કીર્તનો (૧૯, ૨૧)

(૧) ☐ છાંડીકે શ્રી કૃષ્ણદેવ.... (૨) ☐ ભ્રમણા ભાંગી રે હૈયાની....

(૩) ☐ ધન્ય આજની ઘડી.... (૪) ☐ સંત સમાગમ કીજે....

૩. રઘુવીરજી મહારાજ (૪૬)

(૧) ☐ આખા વરતાલમાં એક રઘુવીરજી મહારાજે મને ઓળખ્યો.

(૨) ☐ રઘુવીરજી મહારાજ રામપ્રતાપભાઈના દીકરા હતા.

(૩) ☐ ત્યાગની છટા મહારાજના જેવી.

(૪) ☐ રઘુવીરજી મહારાજે વરતાલમાં હરિકૃષ્ણ મહારાજ પધરાવ્યા.

૪. સ્વામીશ્રીની ક્ષમાભાવના (૨૬, ૪૦)

(૧) ☐ દાર-એ-સલામ ઍરપોર્ટ (૨) ☐ ત્રિચિનાપલ્લી (૩) ☐ લંડન (૪) ☐ લોસ એન્જલસ

## વિભાગ - ૩ : નિબંધ

**પ્ર.૧૪ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર આશરે ૬૦ લીટીમાં નિબંધ લખો.** [૧૫]

૧. યુવાનોના ચારિત્ર્ય શિલ્પી : પ્રમુખસ્વામી મહારાજ (સ્વામિનારાયણ પ્રકાશ - સપ્ટેમ્બર - ૨૦૧૨)

૨. શિક્ષણમાં શિસ્તની અનિવાર્યતા (સ્વામિનારાયણ પ્રકાશ - ઑક્ટોબર - ૨૦૧૨)

૩. ભાવિ વિશ્વના નિર્માતાઓ : B.A.P.S.ના યુવાનો (સ્વામિનારાયણ પ્રકાશ - ફેબ્રુઆરી-માર્ચ - ૨૦૧૩)

❊ ❊ ❊

**નોંધ :- આ પ્રશ્નપત્રમાંથી થોડા-ઘણા પ્રમાણમાં પ્રશ્નો તા. ૭ જુલાઈ, ૨૦૧૩ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે. અભ્યાસક્રમના પુસ્તકની છેલ્લી આવૃત્તિનો જ ઉપયોગ કરવો. મુખ્ય પરીક્ષામાં જવાબવહીમાં વધારાના પાના જોડીને તેમાં લખેલા ઉત્તર માન્ય ગણાશે નહિ.**

☞ **અગત્યની જાહેરાત** **તમામ પરીક્ષાર્થીઓ આપણી સંસ્થાની નીચે દર્શાવેલી website - link પરથી જૂનાં વર્ષોનાં પ્રશ્નપત્રો તથા તેના ઉકેલપત્રો નિઃશુલ્ક ડાઉનલોડ કરી શકશે તથા તેની પ્રિન્ટ પણ કાઢી શકશે.**

**http://www.swaminarayan.org/satsangexams/pastpapers/index.htm**